# શહેરમાં મહારાણા પ્રતાપની ૪૮૩ મી જન્મજયંતિની ધામધૂમથી ઉજવણી





ગાંધીનગર, તા.૨૨

આજે ગાંધીનગર શહેરની રાજપૂત સંસ્થાઓ દ્વારા મહારાણા પ્રતાપની ૪૮૩મી જન્મ જયંતિ તેમજ આમૂલ પરિવર્તન દિવસની ઉજવણી ધામધુમથી કરવામાં આવી હતી. શહેરના સેકટર-૧૨ સ્થિત રાજપૂત ભવન ખાતે પૂર્વ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે પરંપરાગત વસ્ત્રપરિધાનમાં રાજપૂત સમાજના ભાઈ-બહેનો મોટીસંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જયારે શહેરના માર્ગ પર જીપો, બાઈક, ગાડીઓ ઘોડેસવારો, તેમજ ડી.જે. સાથે રેલી પેથાપુર ખાતે પહોંચી હતી. આ રેલીએ નગરજનોમાં અનોખુ આકર્ષણ ઉભુ કર્યું હતું.પેથાપુર મહારાણા પ્રતાપની પ્રતિમાને ફુલહાર અર્પણ કરી મહારાણા પ્રતાપના શોર્ય અને આમૂલ પરિવર્તનની વાતો રજુ થઈ હતી. રાજપૂત સમાજ ભવન સેકટર-૧૨ ખાતેથી સર્વે રાજપૂત સમાજના આગેવાનો, કારોબારી-આજીવન સભ્યો, તમામ રાજપૂત સમાજના ભાઈ-બહેનો પરંપરાગત વસ્ત્રપરિધાન સાફા-પાઘડીમાં સજજ જોવા મળ્યા હતા. રેલીને પૂર્વ કેબીનેટ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, વિજાપુરના ધારાસભ્ય ડો.સી.જે.ચાવડા, મનપાના કમિશનર જીતેન્દ્રસિંહ વાઘેલાએ પ્રસ્થાન કરાવ્યું હતું. રેલીમાં ખુલ્લી જીપો, કાર, બાઈકો, ઘોડેસવારો, ડી.જે.ના તાલે નીકળી હતી. રેલી રાજપૂત ભવનથી ઘ-૩ થઈ ઘ-૫, ઘ-૬, થઈ પેથાપુર મહારાણા સર્કલ ખાતે પહોંચી હતી. ત્યાં ધારાસભ્ય ડો.સી.જે.ચાવડા, શંકરસિંહ રાણા, પૂર્વ પ્રમુખ વિક્રમસિંહ ગોલ, જાણીતા એડવોકેટ અને પૂર્વ પ્રમુખ શંકરસિંહ ગોહિલ, પ્રમુખ પ્રવિણસિંહ ડાભી, ઈન્દુકુમાર સિંહજી ચુડાસમા પ્રમુખ કચ્છ કાઠીયાવાડ સેવા સમાજ, કલ્યાણસિંહજી ચુડાસમા, કાળુસિંહ વાઘેલા, મહિપતસિંહ વાઘેલા, જયદિપસિંહ વાઘેલા, જે.પી. જાડેજા સહિત સમાજના આગેવાનો મહાનુભાવોએ તેમજ રાજપૂત મહિલા મંડળના બહેનો હાજર રહીને મહારાણા પ્રતાપની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ રેલીને સફળ બનાવવા માટે શ્રી કચ્છ કાઠીયાવાડ સેવા સમાજ, શ્રી રાજપૂત સમાજ ગાંધીનગર, રાજપૂત યુવા વિકાસ પરિષદ, ગાંધીનગરના વિવિધ મહિલા મંડળો, મહાકાલ સેના, ગાંધીનગર જિલ્લા રાજપૂત સેવા સમાજ ટ્રસ્ટ, ક્ષત્રિય યુવક સંઘ, શ્રી રાજપૂત કરણી સેના, રાષ્ટ્રીય કરણી સેના સહિતના સંગઠનના સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



ગુરૂજી, તમારામાં કાંઇ લોચો લાગે છે... તમારો કોઇ વિરોધ નથી કરતુ અને મારા સિવાય કોઇ ટોળા પણ નથી આવતા...!!

## સીએમઓ હાઉસ ખાતે પીએસઓ તરીકે ફરજ બજાવતા કર્મચારીનું બાઈક ચોરાયું

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરના સેકટર-૧૩ જ ટાઈપ ખાતે રહેતા સીએમઓ હાઉસમાં પીએસઓ તરીકે ફરજ બજાવતા કર્મચારીનું ઘર પાસે ખુલ્લી જગ્યામાં પાર્ક કરેલા બાઈકની ઉઠાંતરી થવા પામી છે. સેકટર તેમજ આસપાસના વિસ્તારમાં શોધખોળ કરવા છતા બાઈક નહી મળી આવતા કર્મચારી જવાને સેકટર-૭ પોલીસ મથકે બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાવી છે. શહેરમાં સબ સલામતના દાવા વચ્ચે વાહનચોરી અટકવાનું નામ લેતી નથી. પોલીસના કહેવાતા સઘન પેટ્રોલીંગ વચ્ચે પણ વાહનચોરો બેખૌફ બની વાહનચોરીને અંજામ આપી રહ્યા છે. ચોર શખ્સો પહેલા ભીડભાડવાળી જગ્યામાંથી વાહન ચોરી કરતા હતા. પરંતુ હાલના સમયે ઘર પાસે પાર્ક કરેલા વાહનો પણ સલામત રહ્યા નથી. ત્યારે સેકટર-૧૩ જ ટાઈપ બ્લોક નં.૪૦-૩ ખાતે રહેતા મનોજકુમાર અરજણભાઈ નાણેચા (મુળ રહે,કુકરાણ ગામ તા.હારીજ)પરિવાર સાથે રહે છે અને ગૃહવિભાગના એસ.આર.પી.એફ.વિભાગમાં ગૃપ-૬ માં મુડેટી ખાતે આર્મ પોલીસ કોન્સ્ટેબલ તરીકે કાર્યરત છે. જયારે હાલમાં સીએમઓ હાઉસમાં પીએસઓ તરીકે ફરજ બજાવે છે. નોકરીએ આવવા જવા માટે બાઈક નં.જી.જે.૧૮.સી.એ.-૧૬૫૬ નો ઉપયોગ કરતા હતા. ત્યારે મનોજભાઈએ ગત તા. ૧૮ ના રોજ રાત્રીના નવ વાગે બાઈક ઘર પાસે ખુલ્લી જગ્યામાં પાર્ક કર્યું હતું. જયારે બીજા દિવસે સવારે ઉઠીને પાંચ વાગે નોકરી જવાનું હોવાથી જોયુ તો બાઈક પાર્ક કરેલી જગ્યા પર ન હતું. જેથી તેઓએ સેકટર તેમજ આસપાસના વિસ્તારમાં બાઈક અંગે શોધખોળ આદરી હતી. તેમ છતા બાઈક મળી ન આવતા મનોજભાઈએ સેકટર-૭ પોલીસ મથકે રૂ.૧૦ હજારના બાઈક ચોરી અંગે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## શહેરના ઘ-૦ બ્રીજ નીચેથી એકટીવાની ચોરી

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરના ઘ-૦ બ્રીજ નીચે સવારે સાત વાગે એકટીવા પાર્ક કરી અમદાવાદ ધાર્મિક પ્રસંગે ગયા હતા. જયારે સાંજે ચાર વાગે પરત ફરીને જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર એકટીવા ન હતું. એકટીવા ચોરી અંગે પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરના રાંધેજા ગામે રહેતી હીલોની હર્ષિલ પટેલ પરિવાર સાથે રહે છે અને ઘરકામ કરે છે. જયારે એકટીવા નં.જી. જે.૧૮. સી.ડી.- ૫૭૨૯ નો ઉપયોગ ઘરના સભ્યો કરે છે.ત્યારે ગતરોજ ધાર્મિક પ્રસંગે બોપલ જવાનું હોવાથી સવારે સાત વાગે એકટીવા લઈને નીકળી શહેરના ઘ-૦ ખાતે બ્રીજ નીચે પાર્ક કર્યું હતું.

ત્યાંથી ખાનગી વાહનમાં બેસી બોપલ ગયા હતા. બોપલ ધાર્મિક પ્રસંગ પુર્ણ કરી સાંજના સાડા ચાર વાગે પરત ફર્યા હતા.ત્યારે જે સ્થળ પર એકટીવા પાર્ક કર્યું હતું. તે જગ્યા પર એકટીવા ન હતું. એકટીવા અંગે આસપાસના વિસ્તારમાં તપાસ કરવા છતા મળી ન આવતા રૂ.૨૦ હજારના એકટીવા અંગે પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.



કોર્પોરેટર ગ્રાન્ટમાંથી શહેરના વિકાસકાર્યોએ જોર પકડ્યુ છે. વોર્ડ નં. ૧૦ હેઠળ આવતા સેક્ટર-૬ અને ૭ માં મેયરની ગ્રાન્ટમાંથી પેવર બ્લોક્સ નાંખવાની કામગીરીનો પ્રારંભ થયો છે.

## લારી હટાવવા મુદ્દે બે મહિલાઓએ અન્ય મહિલાને માથે પાઈપ મારી

**સેકટર-૨૮ ગાર્ડન પાસેથી ઘટના, મહિલાને માથામાંથી લોહી નીકળતા સિવિલ ખસેડાઈ, દંપતિએ પણ મા-દિકરીને માર માર્યો, સામસામે ફરીયાદ નોંધાઈ**

ગાંધીનગર, તા.૨૨

શહેરના સેકટર-૨૮ ગાર્ડનના મુખ્ય દરવાજાની સામે લારી હટાવવાની બાબતે મહિલાઓ વચ્ચે મારામારીના દ્રશ્યો સર્જાયા હતા.જેમાં બે મહિલાઓએ છત્રીની પાઈપ મારી હતી. તો અન્ય મહિલાએ લાકડાના ડંડાથી ડાબા હાથે મારતા ઈજાગ્રસ્ત મહિલાને લોહી નીકળતા ગાંધીનગર સિવિલ સારવાર માટે ખસેડાયા હતા. જયારે દંપતિએ પણ મા-દિકરીને માર માર્યો હતો. બનાવ અંગે પોલીસે સામસામે ફરીયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેના આદીવાડા દંતાણી વાસમાં રહેતા તેજલબેન દંતાણી પરિવાસ સાથે રહી છે.જયારે તેજલબેન અને તેના પતિ સંજયભાઈ સેકટર-૨૮ ગાર્ડનના મુખ્ય દરવાજાની સામે સોડાની લારી ચલાવે છે. ગતરોજ બપોરના સાડા બા વાગ્યાના અરસામાં તેઓ પતિ-પત્નિ લારી પર હાજર હતા તે સમયે બાજુમાં લેડીઝ પર્સનો વેપાર કરતા ધનલક્ષ્મીબેન શંકરભાઈ તેમજ તેમની દિકરી અનિતા (બંને રહે સેકટર-૨૪ પીળોપટ્ટો) અમારી પાસે આવીને કહેવા લાગ્યા કે અહીયા અમારી જગ્યા છે, તમે તમારી લારી હટાવી દો. જેથી અમે પણ કાયમી લારી મુકી વેપાર કરીએ છીએ તેમ કહેતા અનિતા એકદમ ઉશ્કેરાઈ ગઈ હતી. જેમ ફાવે તેમ ગાળાગાળી કરી તેજલને વાળ પકડીને નીચે ફેંકી દીધી હતી. તે ઉપરાતં લારી પર લગાવેલ છત્રીની પાઈપ કાઢીને માથા ભાગે મારી હતી. જેથી તેજલના માથામાંથી લોહી વહી રહ્યું હતું.જયારે ધનલક્ષ્મીબેને પણ લાકડાનો ડંડો ડાબા હાથે માર્યો હતો. જેથી તેજલબેને બુમાબુમ કરતા ટોળુ એકઠુ થઈ જતા વધુ મારમાંથી છોડાવ્યા હત. જયારે માથાના ભાગે ઈજા પહોંચતા ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ સારવાર માટે ખસેડાયા હતા.

જયારે સામે પક્ષે સેકટર-૨૮ ગાર્ડન પાસે પર્સની લારી લઈને ઉભા રહેતા ધનલક્ષ્મીબેન રાજપુત અને તેમની દિકરી ઉભા રહે છે.

ત્યારે સોડાની લારી ચલાવતા તેજલબેન અને તેમના પતિ સંજય લારી હટાવી લેવા કહીને એકદમ ગુસ્સે ભરાઈ ગાળાગાળી કરી તેજલે ધનલક્ષ્મીબેન અને અનિતાને ગડદાપાટુનો માર મારી જમણા પગે સાથળના ભાગે લોખંડની પાઈપ મારી ઈજા પહોંચાડી હતી.

જયારે સંજયે પણ અનિતાને મોઢાના ભાગે મારતા તેઓની સામે ફરીયાદ નોંધાવી છે.પોલીસે સામ સામે ફરીયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ડભોડા મહાકાલી મંદિર પાસેથી પલ્સર બાઈક ચોરાયું

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરના ડભોડા કુંડાવાળા વાસ ખાતે મહાકાળી માતાજીના મંદિર પાસેથી બજાજ પલ્સર બાઈકની ચોરી થવા પામી છે. યુવકે રૂ.૪૮ હજારના બાઈક ચોરી અંગે ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ડભોડા કુંડીવાળા વાસ ખાતે રહેતા મંથન અંકિત રાવળ ગીફટસીટીમાં બીઆઈએફસી બિલ્ડીંગમાં જી.જે.ટેક સિલ્યુસન્સ પ્રા.લિ. કંપનીમાં એસોસીએટર તરીકે ૧૦ માસથી ફરજ બજાવે છે. જયારે અંગત ઉપયોગ માટે મંથન પલ્સર બાઈક ૧૨૫ સીસીનું બાઈક નં. જી.જે.૧૮.ડી.ક્યુ.-૦૫૬૯ લાવ્યો હતો. જયારે મંથન તેની પત્ની સાથે રાયસણ પ્લોટ નં.૨૬૮ ખાતે આવેલા ગુડાના આવાસ ખાતે ભાડે રહે છે. ગત તા.૧૮ ના રોજ રાત્રીના સાડા દશ વાગે મંથન ડભોડા ખાતે તેની માતાને મળવા માટે ગયો હતો.તે સમયે બાઈક મહાકાળી મંદિરની આગળ મુકી લોક માર્યું હતું.

પરંતુ તેની માતા સુઈ ગયા હોવાથી તે પણ ઘરે જઈ બીજા માળે સુઈ ગયો હતો. જયારે બીજા દિવસે સવારે ઉઠીને જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર બાઈક ન હતું. જેથી રાત્રીના સમયે કોઈ ચોર શખ્સ બાઈક લઈ પલાયન થઈ ગયો હતો. જયારે બાઈક અને ગામમાં તેમજ આસપાસના વિસ્તારમાં તપાસ કરવા છતા મળી ન આવતા બાઈક ચોરી અંગે યુવકે ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

## વજાપુરા ગામમાંથી ૫ જુગારી ઝડપાયા

ગાંધીનગર,તા.૨૨

ગાંધીનગરના વજાપુરા ગામે બાંજી માંડીને બેઠેલા પાંચ જુગારીઓને ડભોડા પોલીસે રૂ.૧૩ હજારથી વધુના મુદામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ડભોડા પોલીસના જવાનો પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન તેઓને ખાનગી રાહે બામતી મળી હતી કે નવાનગર તાબે વજાપુરા ખઆતે આરસીસી રોડ પર લીમડાના ઝાડ નીચે ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો જુગાર રમે છે.

જેથી પોલીસે સ્થળ પર જઈ રેઈડ પાડતા કેટલાક શખ્સો કુંડાળુ વળીને જુગારની બાજી માંડીને બેઠેલા શખ્સોને પકડી પાડ્યા હતા. જેમાં વજાપુરા ગામના અલ્પેશસિંહ રામાજી ઠાકોર, વજાપુરાના જવીનજી પોપટજી ઠાકોર, વજાપુરાના મહોબતસિંહ રતનસિંહ ઠાકોર, વજાપુરાના રમેશજી નવીનજી ઠાકોર તેમજ વિષ્ણુજી ફુલાજી ઠાકોરને પકડી પાડ્યા હતા. પોલીસે જુગારીઓના દાવ પરથી રૂ.૨૬૩૦ તેમજ અંગજડતી દરમિયાન મળી કુલ રૂ.૧૩,૭૬૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર જિલ્લામાં હજુ પણ અધિકારીઓમાં વેકેશનનો માહોલ છવાયેલો જોવા મળી રહ્યો છે.

● ગાંધીનગર શહેરમાં ગરમી વધતાં તૈયાર રસની ડિમાન્ડ તેમજ શ્રીખંડની માંગમાં વધારો થયેલો જોવા મળી રહ્યો છે.

● ગાંધીનગર શહેરમાં પાંચ નંબરના માર્ગ પર મેટ્રોના ચાલી રહેલા કામકાજને કારણે સેક્ટરોના એન્ટ્રી પોઈંટ બંધ કરાતાં લોકોને ફરી જવુ પડે છે.

● ગાંધીનગર મામલતદાર હરેશભાઈ પટેલનો આજે જન્મદિવસ હતો કર્મચારીઓએ કેક કાપી અને જન્મદિવસની ઉજવણી કરી હતી.

● ગાંધીનગર પંચાયતના ૩ જેટલા કર્મચારી અધિકારીના આજે લગ્ન દિવસોની ઉજવણી પણ શાખામાં પૂરતી મર્યાદિત ઉજવણી કરાઈ હતી.

● ગાંધીનગર જિલ્લાના લોદરા ખાતે કૃષિમંત્રી રાઘવજી પટેલ અને સાંસદ શારદાબેન પટેલ ખેડૂત ઉત્પાદક સંગઠનની બેઠકમાં હાજરી આપવા આવી રહ્યાના સમાચારોથી માણસાના ખેડૂતો ઉત્સાહિત છે.

● આરોગ્યની ટીમ દ્વારા મોટા ચિલોડા, મહુન્દ્રા ગામે પોરાભક્ષક માછલીઓ જલસ્રોતમાં મુકવામાં આવી.

● ગાંધીનગરની આઈએઆર યુનિ. ખાતે રાજ્યકક્ષાની અંડર-૧૯ ક્રિકેટ ટૂર્નામેન્ટ ૨.૦નો આરંભ થયો.

● સાદરામાં આડેધડ પાર્કિંગથી રાહદારીઓ પરેશાન થયા.

● ડભોડામાંથી બાઈક તો અડાલજ તરફ જતા બ્રીજ નીચેથી એકટીવાની ચોરી થઈ.

● વલાદના વજાપુરામાંથી પાંચ જુગારીઓને પોલીસે ઝડપી લીધા.

● કલોલમાં બે અજાણ્યા શખ્સોએ આધેડને ધોકા વડે માર મારી પુલ પરથી નીચે ફેંકી દેતા કરૂણ મોત થયુ.

● ફૂટબોલ એસો દ્વારા આયોજિત જિલ્લા લીગ ૨૨-૨૩માં સૂર્યવંશી ક્લબ ટીમ વિજેતા બની.

● ગાંધીનગર શહેરમાં પાણીના વધતા જતા બગાડને અટકાવવા લોકોની માંગ ઉઠી છે.

● ખાડાનગરમાં પરિવર્તીત થયેલ નગરમાં હવે માર્ગોનું કામ ક્યારે હાથ ધરાશે તેની લોકજીભે ચર્ચાઓ શરૂ થઈ.

● ગાંધીનગર શહેરમાં આવેલ જિલ્લાની કચેરીઓમાં આજે મુલાકાતીઓની સંખ્યા ઓછી જણાઈ હતી.

● ગાંધીનગર શાહેર જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ આજે નોંધાયો નથી

મોટાચિલોડા અને મહુન્દ્રા ગામે

## પાણીના હવાડા અને જળસ્રોતોમાં પોરા ભક્ષક ગપ્પી માછલીઓ મુકાઈ



ગાંધીનગર,તા.૨૨

રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ ના સપ્તાહની ઉજવણી દરમિયાન ડેન્ગ્યુ અને મેલેરિયા જેવા મચ્છરજન્ય રોગો ના અટકાયતના પગલાં ભાગરૂપે હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ચિલોડા એક અને બે ,PHC પ્રાંતિયા .આરોગ્યની ટીમ દ્વારા મોટા ચિલોડા અને મહુંદરા ગામ ખાતે પાણીના હવાડા તેમજ બીજા જલ સ્રોતોમાં પોરા ભક્ષક માછલી એવી ગપ્પી માછલીઓ છોડવામાં આવી તથા આ માછલીઓ વિશે ગ્રામજનોને પ્રાથમિક સમજણ આપવામાં આવી.અહી આ સ્રોતોમાં આવનાર ચોમાસા ઋતુ દરમિયાન માછલી ઓનો વિકાસ કરવામાં આવશે જેથી કરીને વિસ્તારમાં ઉદભવતા મેલેરીયા અને ડેન્ગ્યુ જેવા રોગો ને કાબુ કરવામાં મદદ રૂપ નીવડશે.

## બોરીજ જૈન દેરાસર રહેણાંક મકાનમાંથી ૧૪ બિયરના ટીન મળ્યા

ગાંધીનગર,તા.૨૨

ગાંધીનગરના બોરીજ ગામે જૈન દેરાસર પાસે ઘંટીવાળા વાસમાં રહેતા મેહુલ અશોકજી ઠાકોર ઘરમાં વિદેશી દારૂ-બિયરનો જથ્થો રાખી વેચાણ કરે છે. તેવી બાતમી પોલીસને મળતા સ્થળ પર જઈ દરોડો પાડી ઘરની આસપાસ તેમજ ઘરની અંદરની ઓસરીમાંથી એક પ્લાસ્ટીકના થેલામાંથી રૂ.૧૬૮૦ ની કિંમતના કુલ-૧૬ નંગ બિયરના ટીન મળી આવ્યા હતા.જયારે પોલીસને મેહુલ ઠાકોરને ઝડપી પાડ્યો હતો.જયારે દારુ કોની પાસેથી લાવ્યા હોવાનું પુછપરછ કરતા મેહુલ ઠાકોરે મારા વાસમાં રહેતા અમિત કનુજી ઠાકોર પાસેથી દારૂ લાવી હુ અને મારા પિતા ભેગા મળી વેપાર કરતા હોવાની કબુલાત કરી હતી. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસે ત્રણેય સામે પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

એમ.એચ. વિદ્યા મંદિર

## ડભોડા શાળાના વિદ્યાર્થીઓની રાજયકક્ષાની ટીમમાં પસંદગી પામ્યા

ગાંધીનગર,તા.૨૨

શ્રી કેળવણી મંડળ, ડભોડા સંચાલિત એમ. એચ. વિદ્યામંદિર, ડભોડા શિક્ષણની સાથે સાથે સંસ્કાર તેમજ રમતગમત ક્ષેત્રે સમગ્ર જિલ્લામાં મહત્વનું સ્થાન ધરાવી હર હંમેશ શાળા તેમજ જિલ્લાને આ શાળાના બાળકો ગૌરવ અપાવે છે આવું જ ગૌરવ અમારી શાળાના વિદ્યાર્થી ભાઈઓ અને બહેનો એ રમતગમત ક્ષેત્રે અનુક્રમે લોંગ જમ્પે હક્રીી૧૯ માં બિહોલા રિયા તેમજ ત્રીપલ જંપમાં બિહોલા મહાવીર રાજ્ય કક્ષાએ પસંદગી પામ્યા છે આ ઉપરાંત ખોખોની રમતમાં પરમાર સંજય અને સોલંકી સંદીપ ગુજરાત કક્ષાની ટીમમાં પસંદગી પામ્યા છે જે બદલ શ્રી કેળવણી મંડળ ડભોડા ના પ્રમુખશ્રી, મંત્રીશ્રી અને શાળાનાં આચાર્યશ્રીએ શુભેચ્છા પાઠવી. શાળાના વ્યાયામ શિક્ષક શ્રી દલસંગભાઈ ચૌધરીને તેમના અથાક પરિશ્રમ અને માર્ગદર્શનને બિરદાવી અભિનંદન પાઠવ્યા છે.

